**અનુસુચિત જનજાતિના તેજસ્વી છાત્રો માટેની**
**<u>આદર્શ નિવાસી શાળાઓની યોજના બાબત.</u>**

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક : નશઅ–૨૦૮૮/૧૫૦૨/ગ
આદિજાતિ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૧લી એપ્રીલ, ૧૯૮૯

**વંચાણમાં લીધા :–**

(૧) તા. ૩૦/૪/૮૬ના રોજની સચિવશ્રીઓની મીટીગની કાર્યવાહી નોંધ.
(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૩૦/૫/૮૬નો ઠરાવ ક્રમાંક : નશઅ/૧૫૮૬/૭૫૯/ગ.
(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૨૧/૬/૮૬નો ઠરાવ કંમાંક : નશઅ/૧૫૮૬/૭૫૯/ગ.
(૪) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧/૯/૮૬નો ઠરાવ ક્રમાંક : નશઅ/૧૫૮૬/૭૫૯/ગ.
(૫) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૨૪/૪/૮૭નો ઠરાવ ક્રમાંક : નશઅ/૧૬૮૬/૨૦૭૪/ગ.
(૬) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૨૯/૪/૮૭નો ઠરાવ ક્રમાંક : નશઅ/૧૬૮૬/૨૩૩૯/ગ.
(૭) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૨૬/૫/૮૭નો ઠરાવ ક્રમાંક : નશઅ/૧૫૮૬/૭૫૯/ગ.
(૮) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૯/૮/૮૭નો ઠરાવ ક્રમાંક : નશઅ/૧૬૮૭/૧૨૦૧/ગ.
(૯) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૯/૮/૮૭નો ઠરાવ ક્રમાંક : નશઅ/૧૭૮૬/૧૨૨૧/ગ.
(૧૦) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૨/૧/૮૮નો ઠરાવ ક્રમાંક :
નશઅ/૧૫૮૬/૧૮૬૧(૮૭)–ગ.
(૧૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૧/૧/૮૮નો ઠરાવ ક્રમાંક : નશઅ/૧૬૮૬/૧૮૮૯/ગ.
(૧૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૨૦/૮/૮૮નો ઠરાવ ક્રમાંક : નશઅ/૧૭૮૭/૨૧૩૩/ગ.
(૧૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૮/૯/૮૮નો ઠરાવ ક્રમાંક : નશઅ/૧૬૮૭/૨૦૯૪/ગ.
(૧૪) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૨૫/૧૧/૮૮નો ઠરાવ ક્રમાંક : નશઅ/૧૮૮૮/૧૩૦૫/ગ.
(૧૫) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૩૦/૩/૮૯નો ઠરાવ ક્રમાંક : નશઅ/૧૫૮૮/૧૫૯૪/ગ.

**આ મુ ખ :–**

આદર્શ નિવાસી શાળાઓની યોજનાના અમલ માટે સરકાર તરફથી વખતો વખત ઠરાવો, પરિપત્રો, યાદી વિગેરે અગત્યના હુકમો અલગ રીતે બહાર પાડવામાં આવેલ છે. આ ઠરાવો, પરિપત્રો અને યાદીમાં સુધારા વધારા પણ થવા પામેલ છે. આથી ખરેખર જે હુકમો હાલ અમલમાં છે અને તેને વ્યવસ્થિત રીતે સમજવામાં સરળતા થાય તે હેતુથી એક સંકલિત ઠરાવ બહાર પાડવાનું સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૧/૩/૮૮ના પરિપત્ર ક્રમાંકઃ વહસ/૧૦૮૮/૧–વસુતાપ્રભાગ–(૨)થી વિચારણા હેઠળ હતું, જેને આ ઠરાવ ધ્વારા સરકારશ્રીની વિચારશ્રેણીને મૂર્તિમંત સ્વરુપ આપવામાં આવે છે.

**ઠ રા વ :–**

આથી કાળજીભરી વિચારણાને અંતે અનુસૂચિત જનજાતિના તેજસ્વી છાત્રો માટેની આદર્શ નિવાસી શાળાની યોજનાના અમલ માટેના સર્વે ઠરાવ, પરિપત્રો, યાદી વિગેરેમાંની જોગવાઈને એક સળંગ અને સંકલિત સ્વરુપમાં નીચે મુજબ બહાર પાડવાનું ઠરાવવામાં આવે છે :–

## (૧) હેતું :–

અનુસુચિત જનજાતિના છાત્રોમાં શિક્ષણનો વધારો થાય તેમજ તે જાતિના છાત્રોને સારુ શિક્ષણ મળી શકે તે હેતુથી સરકારશ્રીએ ઘણી યોજનાઓ અમલમાં મુકેલ છે. પરંતુ, એ સિવાય ઘણા તેજસ્વી છાત્રોની પોતાની આર્થિક સ્થિતિ નબળી હોવાથી શિક્ષણ મેળવી શકતા નથી અને આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે અભ્યાસ પણ પડતો મૂકવાની ફરજ પડે છે. આ તમામ સંજોગોને ધ્યાનમાં લઈ અનુસૂચિત જનજાતિના તેજસ્વી છાત્રો માટે રહેઠાણની વ્યવસ્થા સાથેની આદર્શ નિવાસી શાળાની યોજના સને ૧૯૮૬–૮૭ના વર્ષથી અમલમાં મૂકેલ છે.

## (૨) સામાન્ય સિધ્ધાંતો :–

આદર્શ નિવાસી શાળા શરુ કરવાના સામાન્ય સિધ્ધાંતો / શરતો નીચે મુજબ છે :–

૧. આદર્શ નિવાસી શાળાનું સ્થળ સરકાર નકકી કરે તે સ્થળે સરકારી મકાન ઉપલબ્ધ ન થઈ શકે તો ખાનગી મકાન ભાડે રાખીને શરુ કરવામાં આવશે.

૨. આદર્શ નિવાસી શાળાની કાયમી વ્યવસ્થા માટે સરકારે નકકી કરેલ સ્થળે સરકારી જમીન સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગને નોંધ કરાવી અથવા સરકારી જમીન ન મળે તો ખાનગી જમીન મેળવીને આદર્શ નિવાસી શાળાનું બાંધકામ શરુ કરાવવાનું છે.

૩. આદર્શ નિવાસી શાળાઓમાં છાત્રોને વિના મુલ્યે રહેવા, જમવા અને શિક્ષણની સુવિધા આપવામાં આવે છે.

૪. આદર્શ નિવાસી શાળા શરુ થાય તેમ પ્રથમ વર્ષે ધો. ૮ અને ૧૧, બીજા વર્ષે ધો. ૯ અને ૧૨ અને તૃતિય વર્ષે ધો. ૧૦ના વર્ગો શરુ થશે. આમ દરેક આદર્શ નિવાસી શાળામાં ધો. ૮ થી ૧૨ના વર્ગો રહેશે. તેમાં ઉચ્ચ માધ્યમિક કક્ષાએ ધો. ૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં શિક્ષણ આપવાનું છે.

૫. આદર્શ નિવાસી શાળાઓમાં ધો. ૮માં પ્રવેશ આપવા માટે પ્રાવેશિક પરીક્ષાના ધોરણે પસંદગી કરીને તેમજ ધો. ૧૧ માટે ધો. ૧૦માં મેળવેલ ગુણના ગુણાનુક્રમે પસંદગી કરીને છાત્રોને પ્રવેશ આપવામાં આવે છે.

**(૩) આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ :–**

આદર્શ નિવાસી શાળામાં ધોરણ–૮માં પ્રવેશ ઈચ્છતા વિદ્યાર્થીઓની ઉંમર ૧૪ વર્ષ કરતાં વધુ હોવી ન જોઈએ. જે વિદ્યાર્થીએ ધો. ૭ની પરીક્ષા પાસ કરેલ હોય, તેને ધો. ૮માં પ્રવેશ માટેની પ્રાવેશિક પરીક્ષામાં ઉપીસ્થત રહેવા દેવામાં આવે છે. પ્રાવેશિક પરીક્ષા ધો. ૭ના અભ્યાસક્રમને અનુલક્ષીને લેવાશે. તેમાં વિદ્યાર્થી ઉતિર્ણ થશે તેમને તેઓએ મેળવેલ ગુણાનુક્રમે પ્રવેશ આપવામાં આવે છે. જયારે ધોરણ–૧૦માં પાસ થયેલ વિદ્યાર્થીએ પાસ કરેલ ન્યુ એસ.એસ.સી.ની પરીક્ષામાં મેળવેલ ગુણના પ્રમાણે ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશને પાત્ર બની શકે છે.

**(૪) આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ માટે જાતિવાર ટકાવારીનું ધોરણ :–**

અનુસૂચિત જનજાતિની આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ માટેની પરીક્ષા આપવા જાતિવાર નીચે પ્રમાણેના ગુણનું ધોરણ ઠરાવેલ છે :–

| | | |
|---|---|---|
| (૧) | ઓછામાં ઓછા ૫૦ ટકા :– | અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ, તેમજ આર્થિક રીતે પછાત વર્ગના કુમારો. |
| (૨) | ઓછામાં ઓછા ૪૫ ટકા :– | અનુસૂચિત જાતિની કન્યાઓ, સામાજીક અને શૈક્ષણિક પછાત જાતિની કન્યાઓ તથા આર્થિક રીતે પછાત વર્ગની કન્યાઓ, અનુસૂચિત જનજાતિના કુમારો, અનુસૂચિત જાતિના ભંગી, હાડી, નાડી અને સેનવા તેમજ એન.ટી.ડી. એન.ટી. જાતિના છાત્રો. |
| (૩) | ઓછામાં ઓછા ૪૦ ટકા :– | આદિજાતિની કન્યાઓ તેમજ આદિજુથના છાત્રો. |

**(૫) આવક મર્યાદાનું ધોરણ :–**

આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ મેળવનાર છાત્રના માતા–પિતા અગર વાલીની વાર્ષિક આવક જાતિવાર નીચે પ્રમાણે ઠરાવેલ છે :–

૧. અનુસુચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિના છાત્રો માટે આવક મર્યાદાનું ધોરણ નથી.

૨. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત તેમજ આર્થિક રીતે પછાત વર્ગના છાત્રના માતા–પિતા અગર વાલીની વાર્ષિક આવક રૂા. ૧૦,૦૦૦/– કરતાં ઓછી હોય તેમને પ્રવેશ આપવામાં આવે છે.

## (૬) નિવાસી શાળામાં પ્રવેશ માટે જગ્યાઓનું પ્રમાણ :–

આદર્શ નિવાસી શાળામાં પછાત વર્ગના છાત્રોના પ્રવેશને પ્રાધાન્ય આપવા માટે નીચે દર્શાવ્યા પ્રમાણે જગ્યાનું પ્રમાણ જાતિવાર ઠરાવેલ છે :–

| | |
|---|---|
| અનુસૂચિત જનજાતિના છાત્રો | ૬૦ ટકા |
| અનુસૂચિત જાતિના છાત્રો | ૧૦ ટકા |
| સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના છાત્રો | ૧૫ ટકા |
| આર્થિક રીતે પછાત જાતિના છાત્રો | ૧૫ ટકા |

## (૭) ટેલીફોન સુવિધા :

અનુસૂચિત જનજાતિની આદર્શ નિવાસી શાળામાં વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને ટેલીફોન સુવિધા આપવાનું નકકી કરેલ છે. સને ૧૯૮૬–૮૭માં શરૂ થયેલ છ નિવાસી શાળાઓ વઘઈ– જી. ડાંગ, ધરમપુર – જી. વલસાડ, રાજપીપળા – જી. ભરૂચ, દાહોદ – જી . પંચમહાલ, વ્યારા – જી. સુરત અને છોટાઉદેપુર જી. વડોદરાને ટેલીફોનની સુવિધા આપેલ છે.

## (૮) નિવાસી શાળામાં પ્રવેશ અને છાત્રોએ પાળવાના નિયમો :–

આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ આપવા તેમજ છાત્રાલયમાં છાત્રોએ પાળવાના નિયમો આ સાથેના પરિશિષ્ટ 'અ' અને 'બ' પ્રમાણેના છે. જેનું વહીવટી સંચાલન કરવા ખાસ ફરજ પરના અધિકારીશ્રી, આદર્શ નિવાસી શાળાઓ, સમાજકલ્યાણ ખાતું, ગાંધીનગરને અધિકૃત કરવામાં આવેલ છે.

## (૯) નિવાસી શાળામાં છાત્રોને સુવિધાઓ :–

આદર્શ નિવાસી શાળામાં છાત્રોને વિના મૂલ્યે શિક્ષણ, ભોજન, પાઠયપુસ્તકો ઉપરાંત વાર્ષિક ચાર જોડી ગણવેશ આપવામાં આવે છે. છાત્રદીઠ વાર્ષિક રૂા. ૧૦૦/–નો સ્ટેશનરી ખર્ચ કરવામાં આવે છે. અને છાત્રના ભોજન પાછળ માસિક રૂા. ૨૨૫/–નો ખર્ચ કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેછે.

આદર્શ નિવાસી શાળામાં છાત્રોને બેડ, ડીનર સેટ, ગેલ્વેનાઈઝડ ટ્રંકસ, બેડીગ ( ગાદલું, ઓશીકુ) ધાબળા વિગેરે આપવામાં આવે છે. નિવાસી શાળામાં બ્લેકબોર્ડ, બેંચીસ, ખુરશી, ઉપરાંત અદ્યતન

પ્રયોગશાળા, પુસ્તકો, રંગીન ટી.વી. સેટ, રેડીયો સેટ, પી.એ. સીસ્ટમ, રમતગમતનાં સાધનો, સંગીતના સાધનોની સુવિધા આપવામાં આવેલ છે.

## (૧૦) નિવાસી શાળામાં મહેકમ :–

આદર્શ નિવાસી શાળામાં શાળા વિભાગ માટે નીચે દર્શાવ્યા પ્રમાણેની જગ્યાઓ જરૂરિયાતના પ્રમાણમાં મંજુર કરવામાં આવેલ છે :–

| ક્રમ નં. | જગ્યાનું નામ | પગાર ધોરણ (રૂા.) |
|---|---|---|
| ૧ | આચાર્ય | ૨૦૦૦–૩૫૦૦ |
| ૨ | ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો | ૧૪૦૦–૨૬૦૦ |
| ૩ | ઉદ્યોગ શિક્ષક | ૧૪૦૦–૨૬૦૦ |
| ૪ | માધ્યમિક શિક્ષકો | ૧૪૦૦–૨૬૦૦ |
| ૫ | શારીરિક શિક્ષણ શિક્ષક | ૧૪૦૦–૨૬૦૦ |
| ૬ | પ્રયોગશાળા સંયોજક | ૧૨૦૦–૧૮૦૦ |
| ૭ | પ્રયોગશાળા મદદનીશ (પટાવાળા) | ૭૫૦–૯૪૦ |
| ૮ | ગ્રંથપાલ | ૧૨૦૦–૨૦૪૦ |
| ૯ | પટાવાળા | ૭૫૦–૯૪૦ |
| ૧૦ | ચોકીદાર | ૭૫૦–૯૪૦ |
| ૧૧ | સીનીયર કલાર્ક | ૧૨૦૦–૨૦૪૦ |
| ૧૨ | જુનીયર કલાર્ક–કમ–ટાઈપીસ્ટ | ૯૫૦–૧૫૦૦ |

આદર્શ નિવાસી શાળાના છાત્રાલય વિભાગમાં નીચે દર્શાવ્યા પ્રમાણેની જગ્યા જરૂરિયાતના પ્રમાણમાં મંજુર કરવામાં આવેલ છે.

| ક્રમ નં. | જગ્યાનું નામ | પગાર ધોરણ (રૂા.) |
|---|---|---|
| ૧. | વોર્ડન | ૧૬૪૦–૨૯૯ |
| ૨ | ડેપ્યુટી વોર્ડન (૪૦ વિદ્યાર્થીદીઠ એક) | માસિક રૂા. ૫૦/– ભથ્થું |
| ૩ | એકાઉન્ટન્ટ | ૧૪૦૦–૨૬૦૦ |
| ૪ | જુનીયર કલાર્ક – કમ–ટાઈપીસ્ટ | ૯૫૦–૧૦૨૫ |
| ૫ | રસોઈયા | ૭૭૫–૧૦૨૫ |
| ૬ | રસોડા કામદાર | ૭૫૦–૯૪૦ |
| ૭ | હમાલ ( સફાઈ કામદાર ) | ૭૫૦–૯૪૦ |
| ૮ | વીઝીટીંગ ડોકટર | માસિક રૂા. ૧૫૦/– |
| ૯ | ધોબી ( કોન્ટ્રેકટથી) | માસિક રૂા. ૪૦૦/– ( ફીકસ) |
| ૧૦ | ચોકીદાર | ૭૫૦–૯૪૦ |

## (૧૧) મંજૂર થયેલ અને શરુ થયેલ નિવાસી શાળાની વિગત :–

સને ૧૯૮૬–૮૭થી અત્યાર સુધીમાં નીચે પ્રમાણે આદર્શ નિવાસી શાળાઓની મંજૂરી આપવામાં આવેલ છે.

| ક્રમ | સ્થળ | તાલુકો | જીલ્લો | કોના માટે | શરૂ થયાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | વઘઈ | આહવા | ડાંગ | કુમાર | ૧૭–૧૧–૮૬ |
| ૨ | વ્યારા | વ્યારા | સુરત | કન્યા | ૫–૧–૮૭ |
| ૩ | રાજપીપળા | રાજપીપળા | ભરુચ | કુમાર | ૨૨–૯–૮૬ |
| ૪ | દાહોદ | દાહોદ | પંચમહાલ | કુમાર | ૬–૧૦–૮૬ |
| ૫ | છોટાઉદેપુર | છોટાઉદેપુર | વડોદરા | કન્યા | ૧–૧૨–૮૬ |
| ૬ | ધરમપુર | ધરમપુર | વલસાડ | કુમાર | ૮–૧૨–૮૬ |
| ૭ | વાસંદા | વાસંદા | વલસાડ | કુમાર | ૨૩–૧૧–૮૭ |
| ૮ | ડેડીયાપાડા | ડેડીયાપાડા | ભરુચ | કુમાર | ૧–૧૨–૮૮ |
| ૯ | લીમખેડા | લીમખેડા | પંચમહાલ | કન્યા | ૧૭–૧૨–૮૭ |
| ૧૦ | ભીલોડા | ભીલોડા | સાબરકાંઠા | કુમાર | ૫–૧–૮૭ |
| ૧૧ | સોનગઢ | સોનગઢ | સુરત | કન્યા | ૩૧–૧૨–૮૬ |
| ૧૨ | પાદરારોડ | પાદરા | વડોદરા | કન્યા | ૧૮–૮–૮૭ |
| ૧૩ | ઉકાઈ | સોનગઢ | સુરત | કુમાર | — |
| ૧૪ | તરસાડી | માંગરોલ | સુરત | કુમાર | ૧૪–૧૨–૮૮ |
| ૧૫ | સંતરામપુર | સંતરામપુર | પંચમહાલ | કુમાર | ૧૨–૧૨–૮૮ |
| ૧૬ | અંબાજી | દાંતા | બનાસકાંઠા | કન્યા | — |
| ૧૭ | પોશીના | ખેડબ્રહમા | સાબરકાંઠા | કન્યા | — |
| ૧૮ | અંકલેશ્વર | અંકલેશ્વર | ભરુચ | કુમાર | ૧૯–૧–૮૯ |
| ૧૯ | નસવાડી | નસવાડી | વડોદરા | કુમાર | — |
| ૨૦ | નેત્રંગ | વાલિયા | ભરુચ | કુમાર | ૧૫–૧૨–૮૮ |

**૧૨. આદર્શ નિવાસી શાળાની કાયમી વ્યવસ્થા :–**

અનુ.જનજાતિની આદર્શ નિવાસી શાળાઓ હાલ તુરત કામચલાઉ ધોરણે ભાડાના મકાનોમાં શરૂ કરવામાં આવેલ છે. જેની કાયમી વ્યવસ્થા કરવા માટે ૧૦ એકર જમીન મેળવીને ટાઈપ ડીઝાઈન પ્રમાણે બાંધકામ ખાતા રાહે કરવાનું છે. આ મકાનમાં શાળાનું મકાન, છાત્રાલયનું મકાન, રસોડું, લેબોરેટરી, ડાઈનીંગ હોલ, સ્ટાફ કવાટર્સની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

એ. આર. બેનરજી
સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવ,

મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ,

સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવ,

સચિવાલયના બધા વિભાગો,

સમાજકલ્યાણ નિયામકશ્રી, ગાંધીનગર,

ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર

ખાસ ફરજ પરના અધિકારીશ્રી, આદર્શ નિવાસી શાળાઓ,

ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

મહાલેખાધિકારીશ્રી, અમદાવાદ / રાજકોટ

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ

નાયબ આદિજાતિ વિકાસ વિભાગ, કમિશ્નરશ્રી, ગાંધીનગર

સર્વે પ્રાયોજના વહીવટદારશ્રી

સર્વે કલેકટરશ્રી

સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી

વિભાગની બધી શાખાઓ

સીલેકટ ફાઈલ

# પરિશિષ્ટ–૩

" શિક્ષણ સહાયક " , " વહિવટી સહાયક " અને " સાથી સહાયક " ભરતી યોજના માટે ૧:૩નું પ્રમાણ જાળવવા અંગે નિભાવવાનું રજીસ્ટર

| | | | |
|---|---|---|---|
| ૧ | જુની શિક્ષક / કલાર્ક / પટાવાળા | ૨૬ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક |
| ૨ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક | ૨૭ | શિક્ષણ સહાયક/વહીવટી સહાયક / સાથી સહાયક |
| ૩ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક | ૨૮ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક |
| ૪ | શિક્ષણ સહસાયક / વહીવટી સહાયક / સાથી સહાયક | ૨૯ | જૂની શિક્ષક / કલાર્ક / પટાવાળા |
| ૫ | જૂની શિક્ષક / કલાર્ક / પટાવાળા | ૩૦ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક |
| ૬ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક | ૩૧ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક |
| ૭ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક | ૩૨ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક |
| ૮ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક | ૩૩ | જુની શિક્ષક / કલાર્ક / પટાવાળા |
| ૯ | જુની શિક્ષક /કલાર્ક / પટાવાળા | ૩૪ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક |
| ૧૦ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક | ૩૫ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક |
| ૧૧ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક | ૩૬ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક |
| ૧૨ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક | ૩૭ | જુના શિક્ષક / કલાર્ક / પટાવાળા |
| ૧૩ | જુની શિક્ષક / કલાર્ક / પટાવાળા | ૩૮ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક |
| ૧૪ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક | ૩૯ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક |
| ૧૫ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક | ૪૦ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક |
| ૧૬ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક | ૪૧ | જુની શિક્ષક / કલાર્ક / પટાવાળા |
| ૧૭ | જુની શિક્ષક / કલાર્ક / પટાવાળા | ૪૨ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક |
| ૧૮ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક | ૪૩ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક |
| ૧૯ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક | ૪૪ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક |
| ૨૦ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક | ૪૫ | જુની શિક્ષક / કલાર્ક / પટાવાળા |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | જુની શિક્ષક / કલાર્ક / પટાવાળા | ૪૬ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક |
| ૨૨ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક | ૪૭ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક |
| ૨૩ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક | ૪૮ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક |
| ૨૪ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક | ૪૯ | જુની શિક્ષક / કલાર્ક / પટાવાળા |
| ૨૫ | જુની શિક્ષક / કલાર્ક / પટાવાળા | ૫૦ | શિક્ષણ સહાયક / વહીવટી સહાયક / સાથી સહાયક |